॥ नमोऽर्हंतसिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः ॥

श्रीवीतरागाय नमो नमः

# શ્રી જૈન ધર્મ અને સ્યાદ્વાદ

## અર્થાત્

# ત્રિકાળાબાધિત સાપેક્ષ સત્ય

ॐ

卐

नश्रद्धयैव त्वयि पक्षपातो
नद्वेषमात्रादरुचिः परेषु
यथावदाप्तत्व परीक्षया तु
त्वामेव वीरप्रभुमाश्रिताःस्मः

: લેખક :

સિદ્ધાંત પાક્ષિક પંડિત શાંતિલાલ કેશવલાલ

મૂલ્ય-વિનિયોગ

વીર સં. ૨૫૦૭ વિ. સં. ૨૦૩૭

# ઉપોદ્ઘાત

પ્રથમ તો આ જણાવવું જરૂરી છે કે, આ પત્રિકા તે પ્રથમ પૃષ્ટ મુજબ "જૈન ધર્મ અને સ્યાદ્વાદ અર્થાત્ ત્રિકાળાબાધિત સાપેક્ષ સત્ય" નામક સોળ ફરમાની પુસ્તિકાનો પ્રથમ ફરમો છે, જે નાના-મોટા અક્ષરોને અંગે રદ કરી અલગ પ્રસિદ્ધ કર્યો છે, આનું કારણ પણ એ છે કે આ પત્રિકાના વાંચનથી વાચકને જરૂર આખી પુસ્તિકા વાંચવાની પ્રેરણા મળે તેમ છે.

સામાન્યથી સંસારીજીવો જાણે છે કે, હું જન્મ્યો છું અને મારે મરવાનું પણ છે અને મરીને અન્યગતિમાં કર્માધીન પણે ફરીને જન્મ પણ લેવો પડવાનો છે, આ સ્વરૂપમાં જે-જે આત્માઓને પોતાને, પોતાપણાનું યથાર્થ જ્ઞાન-ભાન વર્તે છે, તેવા પ્રત્યેક આત્માએ આ હકીકતનો સ્વીકાર કરેલો હોય છે. કે "કોઈ અદૃષ્ટ શક્તિને આધીન મારૂં સંસારી જીવન છે." આથી મારે, તેની પરાધીનતાના પાશમાંથી મુક્ત થવાનો ઉદ્યમ કરવો જરૂરી છે. જેથી બંધન મુક્ત, મારો આત્મા પોતાના સહજ શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપનો શાશ્વત ભાવે ભોકતા થાય.

આ સંબંધે સર્વ દર્શનકારો જણાવે છે કે "या विद्या सा विमुक्तये" આ સાથે શ્રી જૈન દર્શન સ્પષ્ટપણે જણાવે છે કે દરેકે-દરેક સંસારી આત્માને,પોત-પોતાના ઉદિત કર્મ પ્રમાણે જન્મ-જીવન અને મરણ પ્રાપ્ત થાય છે, તેમજ ઉપયોગ શુદ્ધિ એ કર્મક્ષય થકી આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે. આ માટે સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ પરમાત્માઓની આજ્ઞાને અનુસરવું જરૂરી છે એટલે પ્રથમ તો કર્તવ્યાકર્તવ્યની મર્યાદાઓનું યથાર્થ જાણપણું કરીને, તેને આત્મહિતાર્થે અવિરૂદ્ધ ભાવે અનુસરવું જોઈએ. આ માટે કહ્યું છેકે:-

જઈ--ઈચ્છહ--પરમ પયં, અહવાકિત્તિં સુવિત્થડં ભુવણે
તા--તેલુકકુદ્ધરણે જીણવયણે આયરંકુણહ

લી. સિદ્ધાંત પાક્ષિક પંડિત **શાંતિલાલ કેશવલાલ**

"श्री सर्वज्ञाय नमः

# જૈન ધર્મ અને સ્યાદ્-વાદ

## એટલે

# ત્રિકાળાબાધિત-સાપેક્ષ-સત્ય

★

જૈન ધર્મ એટલે? સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ તીર્થંકર ભગવંતોએ સામાન્યથી આ સમસ્ત જગતને અનાદિ-અનંત જીવ અને અજીવ દ્રવ્યોની રાશિરૂપ જણાવ્યું છે, તેમજ વિશેષતઃ નવતત્ત્વ સ્વરૂપે જણાવ્યું છે તેમાં જે મોક્ષતત્ત્વ છે તે આત્મતત્ત્વનું પરમ શુદ્ધ સ્વરૂપ હોઈ પરમ સાધ્યરૂપ છે. અને તે માટે સંવર અને નિર્જરા એ બે તત્ત્વો સાધનરૂપ હોઈ ઉપાદેય છે. જ્યારે કર્મના બંધરૂપ બંધતત્ત્વ છે. અને તેના હેતુભૂત આશ્રવતત્ત્વ છે. તેમાં પુણ્યનો બંધ શુભ વિપાક આપનાર અને પાપનો બંધ જીવને અશુભ વિપાક આપનાર છે એમ જણાવેલ છે. સ્યાદ્વાદ-દૃષ્ટિએ ઉપર જણાવેલ નવે તત્ત્વોનું ત્રિકાળાબાધિત સ્વરૂપ જાણીને, તેમાંથી જે જે ભવ્ય આત્માઓ વડે પોત-પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સાપેક્ષતાએ અનુક્રમે ગુણ-સ્થાનક ક્રમારોહણથી પોતાના આત્માની પરમ-વિશુદ્ધ-

(મોક્ષ) દશાને પ્રાપ્ત કરવા માટે જે જે ધર્મ તેમજ મોક્ષ પુરૂષાર્થ કરાય છે, તેને જૈન ધર્મ જાણવો.

આ રીતે આત્માને-સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિનો સત્ય-માર્ગ જણાવનાર જૈન ધર્મ (પંચ પરમેષ્ઠિપદ થકી) નિરંતર જયવંતો વર્તે છે.

કોઇ પણ સંસારી (મન-વચન-કાય યોગમાં પ્રવર્તતા) આત્મામાં પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણ પરિણમનની સાથે કર્મજનિત-ઔદયિકભાવનું પરિણમન પણ નિરંતર અવશ્ય હોય છે. આ ઔદયિકભાવનું જે યોગ પરિણમન છે, તે આત્માર્થ સાધકતાએ પ્રશસ્ત તેમજ સંસાર પરિભ્રમણરૂપ હેતુતાએ અપ્રશસ્ત એમ બંને સ્વરૂપવાળું હોય છે.

વ્યવહાર થકી પ્રશસ્તયોગને સર્વ દર્શનકારોએ ઉપકારક લેખ્યો છે. કેમકે દરેકે-દરેક દર્શનકારને પોત-પોતાના ગુરુમુખે હિત શ્રવણની યોગ ક્રિયા, તેમજ પોતાના ઇષ્ટ-દેવનાં દર્શન, વંદન તેમજ પૂજનની યોગક્રિયા ઉપકારક સમજાયેલી હોય છે.

જો કે જે યોગક્રિયાથી આત્મ-શુદ્ધિ થતી ન હોય અને કેવળ પુણ્ય-બંધનું કારણ હોય તેને ભાવથકી અપ્રશસ્ત યોગ જાણવો જોઇએ. તેમ છતાં તેને વ્યવહારથકી તો પ્રશસ્તપણું છે. જ્યારે ક્રોધ-માન-માયા અને લોભ થકી હિંસા-જુઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહાદિની યોગક્રિયાઓને તો વ્યવહારથી અપ્રશસ્તપણું પ્રગટ છે.

પ્રત્યેક સંસારી આત્મામાં યોગ પરિણમનની સાથે પોતાના જ્ઞાનાદિ ગુણોના ઉપશમ-ક્ષયોપશમ તેમજ ક્ષાયિક-ભાવનું પરિણમન પણ હોય છે. આ બંને પરિણમન-ભાવોમાં એક-બીજાની મુખ્ય-ગૌણવૃત્તિએ પ્રત્યેક આત્મા કર્મનો બંધ તેમજ નિર્જરા પણ પ્રત્યેક સમયે કરતો હોય છે.

જે યોગક્રિયામાં યોગ તેમજ કષાયભાવની જેટલી તીવ્રતા વધુ હોય છે, તે મુજબ તે આત્માને અનેકવિધ તીવ્ર કર્મબંધ થાય છે, અને જે ક્રિયા સંબંધે આત્માને આત્મશુદ્ધિનો ઉપયોગ (ભાવ) જેટલો તીવ્ર તેમજ વિશુદ્ધ હોય છે; તે મુજબ તે આત્માને કર્મ-નિર્જરા વધુ થાય છે. આ માટે કહ્યું છે કે—

કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ-સંવર નામ અનુક્રમે રે, હેયોપાદેય સુણાય.

× × ×

જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;
મીલતાં કારજ નીપજે રે, કર્તા તણે પ્રયોગ.

× × ×

કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીયે રે, એ નિજમત ઉન્માદ.

× × ×

ભાવસ્તવ જેહથી પામીજે, દ્રવ્યસ્તવ એ તેણે કહીજે;
દ્રવ્યશબ્દ છે કારણવાચી, ભ્રમે મ ભૂલો કર્મ નિકાચી.

× × ×

શાસ્ત્રમાં નિશ્ચયદૃષ્ટિએ જણાવેલ છે કે, "आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः" તે સાથે વ્યવહાર દૃષ્ટિએ પણ જણાવેલ છે કે,

જે વ્યવહાર મુક્તિ મારગમાં. ગુણઠાણાને લેખેજી;
અનુક્રમે ગુણશ્રેણીનું ચડવું, તેહીજ જિનવર દેખેજી.

આ સંબંધે શાસ્ત્રાનુસારી નિશ્ચય–વ્યવહારની પ્રવૃત્તિ–નિવૃત્તિની ચૌભંગીના સ્વરૂપને યથાર્થ અવધારણ કરવું જરૂરી છે.

(૧) નિશ્ચય પ્રવૃત્તિધર્મ:—પોતાના આત્માને સમ્યકત્વ સામાયિક, શ્રુત સામાયિક, દેશ-વિરતિ સામાયિક અને સર્વ વિરતિ સામાયિક ભાવમાં રાખવા પ્રયત્ન કરવો તે.

(૨) નિશ્ચયથી નિવૃત્તિ ધર્મ:—પોતાના આત્માને વિષય–કષાયાદિના પરિણામથી નિવર્તાવવો તે.

(૩) વ્યવહાર પ્રવૃત્તિ ધર્મ:—પોતાના આત્માને પંચાચારમાં જોડવો તે.

(૪) વ્યવહારથી નિવૃત્તિ ધર્મ:—હિંસા–જુઠ–ચોરી–મૈથુન અને પરિગ્રહાદિ પાપ-વ્યાપારથી આત્માને અળગો રાખવો તે.

ઉપર જણાવેલ પ્રવૃત્તિરૂપ તેમજ નિવૃત્તિરૂપ બંને ધર્મો પરસ્પર સાપેક્ષભાવે ઉપકારક જાણવા, તેમજ વ્યવહારધર્મ અને નિશ્ચયધર્મ પણ પરસ્પર સાપેક્ષભાવે ઉપકારક જાણવા. અ.ચથા એકાંત પ્રવૃત્તિધર્મ કે નિવૃત્તિધર્મ યા તો એકાંત વ્યવહારધર્મ કે નિશ્ચયધર્મ આત્માર્થ સાધક બનતો નથી. આ માટે કહ્યું છે કે—

जइ जिणमयं पवज्जइ ता मा-ववहार णिच्छए मुहउ।
इक्केण विणा तित्थं, छिज्जइ अन्नेण उ तच्चं ॥ १ ॥

× × ×

णिच्छय-मग्गो मोक्खो ववहारो पुण्ण कारणो वुत्तो।
पढमो संवररूवो, आसवहेउ तओ बीओ ॥ १ ॥

× × ×

વચન સાપેક્ષ વ્યવહાર સાચો કહ્યો,
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો;
વચન સાપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી–આદરી કાંઈ રાચો.

આજ પ્રમાણે વળી પણ સ્યાદ્વાદ શ્રુત પ્રમાણ જ્ઞાન થકી અન્ય ભાવો સંબંધે પણ જાણવું કે—

(૧) કોઈ પણ દ્રવ્ય સ્વ-પર ભાવથી અસ્તિ-નાસ્તિ સ્વરૂપે ઉભય સ્વરૂપી છે.

(૨) કોઈ પણ જડ-ચેતન દ્રવ્ય પોતાના કોઈ પણ પરિણામ (ભાવ)થી ભિન્ન ભિન્ન સ્વરૂપે હોઇ ઉભયસ્વરૂપી છે.

(૩) કોઈ પણ જીવ દ્રવ્ય પોતાના અનેક પ્રદેશ

સમુદાયથી તેમજ ગુણપર્યાયથી એકાનેક સ્વરૂપે ઉભયસ્વરૂપી છે.

(૪) કોઈ પણ સંસારી જીવ (આત્મ-તત્વ) સ્વ-પર કર્તૃત્વભાવે શુદ્ધાશુદ્ધ ઉભય સ્વરૂપી છે. તેમજ એ પણ સ્પષ્ટ સમજવું કે આત્મા સિવાય અન્ય કોઈ પણ અચેતન દ્રવ્યમાં ઇચ્છાનુસારી કર્તૃત્વ-સ્વભાવજન્ય ક્રિયા હોતી નથી.

(૫) કોઈ પણ આત્મા પોતાના જ્ઞાન-દર્શન ગુણથી સ્વ-પર સમસ્ત જ્ઞેય સંબંધી સામાન્ય-વિશેષ રૂપથી જ્ઞાત-અજ્ઞાતભાવે ઉભય સ્વરૂપી છે.

આ રીતે અનેક ગુણ-પર્યાય સ્વરૂપી છએ દ્રવ્યોને જો કે કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્મા, કેવળજ્ઞાને કરી સર્વ જ્ઞેય ભાવોને પ્રત્યક્ષપણે (હસ્તામલકવત્) સંપૂર્ણ સ્વરૂપે જાણતા હોવા છતાં, "अर्पितानर्पितसिद्धेः" એ સૂત્ર મુજબ સપ્રયોજન કોઈ પણ ભાવને, અન્યને શ્રુત દ્વારા જણાવવા માટે તો તેઓ પણ "વા" શબ્દથી સ્યાદ્‌વાદનો આશ્રય લઈને જણાવે છે.

આ રીતે શ્રી કેવળી તીર્થંકર પરમાત્માઓએ આત્મ-પ્રત્યક્ષતા વડે ત્રૈકાલિક જે-જે અર્થોને તીર્થંકરનામકર્મના ઉદયે વચન યોગથી પાંત્રીશ ગુણયુક્ત વાણી દ્વારા જણાવેલ હોય છે તે તે અર્થોનું ઉત્તમ ગણધર આત્માઓને, સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણે કરી અનુભવ પ્રત્યક્ષે અવિરુદ્ધ-પણું હોવાથી, તદ્અર્થસૂચક શ્રી ગણધર ભગવંતો રચિત -દ્વાદશાંગીરૂપ-સમ્યક્શ્રુતને, અવિસંવાદિભાવે-આગમ પ્રમાણ જ્ઞાન જાણવું.

દષ્ટાંત તરીકે કેવલી પરમાત્માઓએ કોઈ પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને उपन्नेइ वा, विगमेइ वा અને धुवेइ वा પણે ત્રણે સ્વરૂપથી સ્યાદ્ સ્વરૂપે જણાવીને, તેમાંથી સ્યાદ્ સપ્રયોજન કોઈ એક ભાવને, આત્મદ્રવ્યના હિતાહિત સંબંધે યથાર્થ અવિસંવાદીભાવે યથાતથ્ય હેયોપાદેયરૂપે જણાવેલ હોય છે.

આથી સમજવું જોઈએ કે છદ્મસ્થોએ તો કોઈ પણ દ્રવ્યને કે તેના કોઈ પણ પરિણામને યથાર્થ-અવિરુદ્ધ પ્રમાણ સ્વરૂપે જાણવા-જણાવવા માટે અવશ્ય સ્યાદ્‌નો આશ્રય કરવો યુક્ત છે.

આ સાથે વળી તે પ્રમાણ બોધ સ્વરૂપમાં પણ સ્વ-પર આત્મ-હિતાહિતમાં પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ યથાર્થ-અવિરુદ્ધ હેયોપાદેયાત્મક જે નયજ્ઞાન, તેને પણ પ્રમાણાંશભાવે પ્રમાણ-જ્ઞાન જાણવું જોઈએ; અન્યથા અનેકવિધ તર્ક-કુતર્કયુક્ત જે એકાંતિક મિથ્યાજ્ઞાન છે, તે અવશ્ય રાગ-દ્વેષની વૃદ્ધિ કરાવનારું હોઈ દુઃખોની પરંપરાને વધારનારું છે.

આથી સ્પષ્ટ સમજવું કે સર્વજ્ઞ અને સર્વદર્શી કેવળી ભગવંતોએ સ્યાદ્વાદ સ્વરૂપથી પ્રકાશેલ નવે તત્ત્વમાં યથાર્થ વિવેકયુક્ત, મતિ-શ્રુતાદિ ભેદવાળું અવિકળ જ્ઞાન તે અવિ-સંવાદિ-પણે આત્મહિત સાધક હોઈ પ્રમાણ જ્ઞાન છે. આ અર્થથી "तत् प्रमाणे" સૂત્રથી પાંચે જ્ઞાનની પ્રમાણતા સંબંધે સામાન્યતયા શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે, "स्व-पर-व्यवसायि ज्ञानं प्रमाणं" આથી જ તો પૂર્ણ જ્ઞાની કેવળી ભગવંતોએ પ્રરૂપેલ હેયોપાદેય તત્ત્વોમાં નિઃશંકભાવે

વિધિ-નિષેધરૂપે યથાર્થ અવિરુદ્ધભાવે પ્રવર્તન કરનાર ભવ્ય આત્માને પણ અનંત-અક્ષય પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આત્માને પૂર્ણજ્ઞાની પરમાત્મપદની પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે પોતાના આત્મતત્ત્વને, ગુણ-સ્થાનક ક્રમારોહ વડે પર-જડતત્ત્વના અનાદિ સાંયોગિક પરિણામ સંબંધથી, સર્વથા મુક્ત કરવાને સમર્થ, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો ગર્ભજ મનુષ્ય જ પૂર્ણ પરમાત્મભાવને પામે છે.

આ માટે કેવળી ભગવંતોએ અનેકવિધ આત્મસ્વરૂપને અનુલક્ષી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધી યથાર્થ અવિરુદ્ધ વિધિ-નિષેધ માટે સ્યાદ્વાદ સ્વરૂપી ઉત્સર્ગ-અપવાદ ઉભય સ્વરૂપે જે માર્ગ પ્રરૂપેલો છે, તેનું ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી પ્રથમ યથાર્થ જ્ઞાન કરવું જરૂરી છે. કેમકે, "**ज्ञान-क्रियाभ्याम् मोक्षः**" સૂત્ર સર્વ સંમત છે.

તે માટે પ્રથમ જ્ઞાનનયની દૃષ્ટિમાં જેમ આત્મા સંબંધી શુદ્ધાશુદ્ધ નિશ્ચય-વ્યવહાર ઉભય સ્વરૂપી યથાર્થ સાધ્ય-સાધન ભાવનું જ્ઞાન ઉપકારી છે; તેમ તે સાથે ક્રિયાનયની દૃષ્ટિએ યોગ-ઉપયોગરૂપ ક્રિયા-પરિણામમાં ઉત્સર્ગ-અપવાદ-રૂપ ઉભય સ્વરૂપી કાર્ય-કારણ ભાવમાં યથાર્થ વિધિ-નિષેધરૂપ પ્રવર્તન ઉપકારી થાય છે.

અન્યથા સ્વમતિકલ્પિત-એકાંત સ્વચ્છંદાચારી જ્ઞાન-ક્રિયાના કોઈ પણ સ્વરૂપમાં એટલે નિશ્ચય-વ્યવહાર યા તો ઉત્સર્ગ-અપવાદમાં એકાંત પક્ષપાત અહિતકર છે, એમ જાણવું.

આથી સ્પષ્ટ સમજાય છે કે આત્માર્થી આત્માઓએ પ્રત્યક્ષ પૂર્ણજ્ઞાની કેવલી પરમાત્માએ જણાવેલ પંચવિધ પ્રમાણ જ્ઞાનના સ્વરૂપને (સ્યાદ્વાદને) યથાર્થભાવે અવલંબીને આત્મારાધન કરવું હિતકર છે.

આમ છતાં જેઓ મતિકલ્પિત શાસ્ત્રાર્થોનો આશ્રય લઈને સ્વેચ્છાચારીપણે કેવળ પાપમય પ્રવૃત્તિઓમાં સ્યાદ્વાદનો આશ્રય લઈને ધર્મ (આત્મશ્રેય) સ્થાપે છે, એવા મૂઢ અહંકારી–અજ્ઞાની આત્માઓને અનંત સંસારી જાણવા. કેમકે શાસ્ત્રમાં ઉત્સૂત્રભાષીઓને, સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર, એ ત્રણેથી ભ્રષ્ટ થયેલા હોઈ, અનંત સંસારી કહ્યા છે. તે માટે તેઓને ઉવેખીને આત્માર્થી આત્માઓએ સૌ પ્રથમ શાસ્ત્રમાં જણાવેલ નીચે મુજબની પાપ પ્રવૃત્તિઓથી વિરમવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

(૧) પ્રાણાતિપાત (૨) મૃષાવાદ (૩) અદત્તાદાન (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલહ (૧૩) અભ્યાખ્યાન (૧૪) પૈશુન્ય (૧૫) રતિ–અરતિ (૧૬) પર–પરિવાદ (૧૭) માયા–મૃષાવાદ (૧૮) મિથ્યાત્વશલ્ય. આ અઢાર પાપ પ્રવૃત્તિઓને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક દૂર કરવાથી આત્માને આત્માર્થ સાધવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ માટે "દૃષ્ટિવાદ"ની પુસ્તિકા અવશ્ય જોવી.

પૂર્વે જણાવ્યા મુજબ શાસ્ત્રોમાં પાંચે પ્રકારના જ્ઞાનની "तत् प्रमाणे" એ સૂત્રથી પ્રમાણતા સ્વીકારાયેલ છે, તે

સાથે જ "मति-श्रुतावधयो विपर्ययश्च" એટલે પ્રથમનાં ત્રણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન જો આત્માર્થ સંબંધી દ્રવ્ય-ભાવથી આશ્રવ-સંવર તત્ત્વમાં **યથાર્થ હેયો-પાદેયતા રહિત હોય તો** તે મિથ્યાજ્ઞાન હોઈ આત્મહિત-કર નથી, એમ પણ સ્પષ્ટ જણાવેલ છે. વળી પણ મિથ્યા-દૃષ્ટિના મિથ્યાજ્ઞાનના લક્ષણની સ્પષ્ટતા કરતાં જણાવેલ છે કે "सदसतोरविशेषात् यदृच्छोपलब्धेरुन्मत्तवत्" આથી સમ-જવું કે સદ્-અસદ્ ભાવમાં હિતાહિતના વિવેક વગરનું સ્વેચ્છાનુસારી ઉન્માદી જ્ઞાન તે મિથ્યાજ્ઞાન હોઈ આત્માર્થ સાધક હોતું નથી. કિન્તુ આત્માર્થે કથંચિત્ બાધક હોય છે.

આ સંબંધે મિથ્યાદૃષ્ટિ-ભવાભિનંદી આત્માઓની ધર્મક્રિયાઓ સંબંધી શાસ્ત્રમાં કહ્યું છે કે—

"आहारोपधि-पूजर्द्धि,-गौरवप्रतिबंधत: ।
भवाभिनंदी यां कुर्यात्, क्रियां साध्यात्मवैरिणी ॥

શાસ્ત્રમાં ભવાભિનંદી જીવોના જે અગિયાર લક્ષણો જણાવેલ છે તે માંહેથી આહારને અર્થે, પૂજાવાને અર્થે, વસ્ત્ર-પાત્રાદિકને અર્થે કે ગૌરવ વધારવાને અર્થે ઇત્યાદિ કોઈ પણ લક્ષણની મુખ્યતા સહિત જે જે આરાધના કરાતી હોય છે તે સઘળી એ અધ્યાત્મભાવની વૈરિણી જાણવી.

પ્રથમ જણાવ્યા મુજબ આત્માર્થ સાધક યથાર્થ (સમ્યક્) જ્ઞાન તેમજ અયથાર્થ (મિથ્યા) જ્ઞાનને અનુલક્ષીને સાધક-બાધક પ્રવૃત્તિ-નિવૃત્તિમાં જે-જે પ્રકારે જે-જે જીવો જોડાયેલા છે; તેઓનું કિંચિત્ સ્વરૂપ નીચે મુજબ જાણવું.

પ્રથમ તો એ જાણવું જરૂરી છે કે પ્રત્યેક આત્માર્થી આત્માઓને, અનેકાંત યાને સ્યાદ્વાદને અનુલક્ષીને, નય-નિક્ષેપ-પ્રમાણ સાપેક્ષ ભાવે પૂર્વે જણાવ્યા મુજબ વિધિ-નિષેધનું અનુસરણ અવિસંવાદીપણે આત્મહિતકર જાણવું.

આ સંબંધે મુખ્ય ચાર પ્રકારના સામાયિક ભાવના અનુભવને પ્રત્યક્ષ પ્રમાણ રૂપે જાણીને યથાશક્તિ ચારે પ્રકારના સામાયિક ભાવમાં વર્તવું જરૂરી છે. કેમકે આ સંબંધે શાસ્ત્રમાં કહ્યું છે કે "आया सामाइए-अट्ठे-परमट्ठे सेसे अणट्ठे" તેમજ વળી સામાયિક ભાવની વિરુદ્ધતા સંબંધે જાણવું કે મિથ્યાત્વના જોરે પર-પૌદ્ગલિક ભાવમાં મોહાંધ બનેલા આત્માઓ પણ પોતાનો ભૌતિક સ્વાર્થ સાધવા માટે અનેકાંતિક યાને સ્યાદ્વાદ વચનોનો મનમાન્યો આશ્રય લઈને કેવળ પોતપોતાની એકાંતિક વ્યાવહારિક ક્રિયામાં યા તો એકાંતિક નૈશ્ચયિક ભાવે કેવળ આત્મ પરિણામરૂપ માર્ગમાં આત્માર્થ સાધનતા સ્થાપતા હોય છે. તેઓએ ખરેખર તો સ્યાદ્વાદનો કેવળ દુરુપયોગ કરેલ હોય છે-એમ જાણવું.

વળી પણ ઉપર જણાવ્યા મુજબ કેટલાક મિથ્યા-જ્ઞાનમાં આગ્રહીઓ સ્યાદ્વાદના નય-નિક્ષેપ-પ્રમાણ સાપેક્ષ યથાર્થ અર્થને ગ્રહણ કરવાને અસમર્થ હોઈ, સ્યાદ્વાદમાં સંશય ધરતા રહી, સ્યાદ્વાદને સંશયવાદ કહેતા ફરે છે.

તેમજ કેટલાક મૂઢ જીવો સ્યાદ્વાદને સમાનતાવાદ રૂપે યોજીને સર્વ જીવો પ્રતિ સમાનતા અપનાવવા રૂપે "વાવડી ચસકી"ના ન્યાયે પોતાની મૂર્ખતાનું પ્રદર્શન

કરતા પોતાની દાંભિક સમાનતાવાદી પાપકારી પ્રવૃત્તિને ક્રાંતિકારી લેખાવે છે.

વળી કેટલાક બાળ પંડિત સાધુઓ ધર્મ–પરિણામ અને કર્મ–પરિણામના ભેદસ્વરૂપમાં મૂઢ હોવાથી ધર્મ પરિણામને કર્મ, અને કર્મ પરિણામને ધર્મ સ્વરૂપે જણાવતા હોય છે. હકીકતમાં તો આત્માનો સ્વભાવ ધર્મ, આત્માના જ્ઞાનાદિ ગુણોમાં પરિણમન થવું તે છે. આ માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "वत्थुसहावो धम्मो" તેમ છતાં ઉદિત કર્મના–પરિણામ સ્વરૂપી મન–વચન–કાય યોગની શુભ પ્રવૃત્તિને જ ધર્મ સ્વરૂપે જણાવવી તે સ્યાદ્વાદ સિદ્ધાંતની અજ્ઞાનતાના જોરે કે દ્વેષથી જ સંભવી શકે.

આ સાથે એમ પણ સમજવું જરૂરી છે કે આત્માને આત્મભાવમાં પરિણમવામાં **નિમિત્ત હેતુરૂપે** જે–જે પ્રશસ્ત યોગ પ્રવૃત્તિ જે–જે સ્વરૂપે સહાયક છે, તેને તથા સ્વરૂપે ઉપચારે (વ્યવહારથી) ધર્મ સ્વરૂપે જાણવી જોઇએ. ઉપર જણાવેલ અર્થ સ્યાદ્વાદથી અવિરુદ્ધ હોઈ આ સંબંધે કહ્યું છે કે—

"ધર્મશુદ્ધ ઉપયોગ સ્વભાવ, પુણ્યપાપ શુભ અશુભ વિભાવ;
ધર્મ હેતુ વ્યવહારજ ધર્મ, નિજ સ્વભાવ પરિણતિનો મર્મ.

જો કે કોઈ પણ પદાર્થ–સ્વ–પર ભાવે અસ્તિ–નાસ્તિ સ્વરૂપે સર્વાત્મક છે, તથાપિ કેટલાક માયા–મૃષાવાદીઓ જડ ચેતન દ્રવ્યોના પરિણમન–સંબંધમાં, એટલે જડ તત્ત્વના ચૈતન્ય સાથેના પરિણામમાં તેમજ ભિન્ન પરિણમન સંબં-

ધમાં એટલે કે બહિરાત્મા—અંતરાત્મા અને પરમાત્મ સ્વરૂપી ત્રિવિધ પરિણમન સંબંધમાં, સ્યાદ્‌વાદ રહિતપણે–મૂઢભાવે અયથાર્થ અર્થમાં એકાંત આગ્રહ ધરીને, નય-નિક્ષેપ સાપેક્ષ શાસ્ત્રીય પાઠોને નિરપેક્ષપણે યદ્વા-તદ્વા જણાવીને, અજ્ઞાની અંધજનોને ઉન્માર્ગે કેવળ ભક્તિમાર્ગમાં જ દોરી જઈને, પ્રગટપણે લુંટી રહ્યા છે, તેઓથી જગતને બચાવવા યથાર્થ અર્થ પ્રકાશક કેવળ શ્રી વીતરાગ પ્રભુનો સ્યાદ્‌વાદ ધર્મ જ સર્વત્ર સમર્થ છે, એમ જાણવું.

સ્વાનુભવ આત્મ-પ્રત્યક્ષ નાનાવિધ અનેક પરિણામી આત્મદ્રવ્યો સંબંધમાં, બીજા કેટલાક પાખંડી પંડિતો પોત-પોતાને ઇષ્ટાર્થમાં ક્વચિત્ એકાંતે આત્મ દ્રવ્યમાં જ્ઞાન પરિણામને મુખ્ય કરીને, યા તો એકાંતે શુભાશુભ ક્રિયા પરિણામને મુખ્ય કરીને, પોતામાં યથાર્થ-સત્યાર્થતાનો આડંબર ધરીને, અન્ય અબુઝ જીવોને પોતાના ગચ્છ-મતના અનુયાયી બનાવીને જેઓ પોતાની ઐહિક મતલબ સાધતા હોય છે, તેઓ પણ અન્ય આત્માઓને શુદ્ધ સ્યાદ્‌વાદ દૃષ્ટિએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાપેક્ષ આત્મા વડે આત્મહિત સાધવાનો માર્ગ બતાવવાને નિશ્ચેથી અસમર્થ હોય છે એમ જાણવું.

આ સંબંધે વળી બીજા કેટલાક આત્મતત્ત્વના સ્વરૂપમાં મૂઢતાવાળા પાખંડી સાધુઓ સ્વમતિ-કલ્પિત નિરંજન-નિરાકાર પરમાત્માને સમસ્ત જગતના સમસ્ત પરિણામોના લીલાકારી સ્વરૂપે કર્તા-હર્તા જણાવે છે. અને પ્રત્યક્ષ શુભા-

-શુભ ક્રિયાના કર્તા-ભોક્તા પ્રત્યેક આત્માને કોઈ એક પરમાત્માની માયાના અંશ રૂપ જણાવે છે અને સાથે પોતાની મોહાંધતા પોષવા પોતાની પ્રવૃત્તિને પરમાત્માની દિવ્ય લીલા સ્વરૂપે જણાવે છે અને તે વળી પોતાની ભક્તિથી પરમાત્માની ભક્તિનું ફળ છે, એમ જણાવતા રહે છે. આ માટે સમજવું કે જેમ મદીરાનું પાન કરનારને સાચી સુઝબુઝ હોતી નથી, તેમ વિષયભોગની આકાંક્ષાવાળા લોભી આત્માઓમાં તેમજ પૌદ્‌ગલિક સુખના વિયોગના દુઃખથી ભય પામતા પામર જીવોમાં પણ તત્ત્વાતત્ત્વનો વિવેક કરવાની સાચી સુઝબુઝ હોતી નથી.

આજ રીતે સ્યાદ્‌વાદ સિદ્ધાંતના દ્વેષીઓમાં પણ સુખ-દુઃખની લાગણીઓથી ભરેલા પોતાના આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપને પણ યથાર્થ રૂપે જાણવાની શક્તિ હોતી નથી. તેથી જ તો તેઓ કુગુરુઓની મૃગજળ સમાન ચમત્કારિક માયાજાળમાં ફસાયેલા રહે છે અને આત્માર્થથી ભ્રષ્ટ થાય છે. આ સંબંધે કહેવત છે કે "દુનિયા ઝુકતી હે, ઝુકાનેવાલા ચાહીયે." તેમજ "ગરજવાનને અક્કલ હોતી નથી."

આથી આત્માર્થે સ્પષ્ટતયા એ સમજવું જરૂરી છે કે આ સંસારમાં વિવિધ કર્માનુસારે તેમજ પોતપોતાના ક્ષયોપશમાનુસારે પ્રત્યેક ચૈતન્ય ગુણવાળા આત્મ દ્રવ્યનાં શુદ્ધાશુદ્ધ અનેક સ્વરૂપ છે. તે સઘળાને પણ સાપેક્ષભાવે સામાન્ય-વિશેષથી યથાર્થ જાણવાવાળું જે સમ્યગ્‌જ્ઞાન છે, તેને આત્મ-હિતકર જાણવું. અને તે માટે સૌ પ્રથમ આત્મ-

તત્ત્વને યથાર્થ ઓળખવાનો સુવિશુદ્ધ પ્રયત્ન કરવો જરૂરી છે. આ માટે કહ્યું છે કે—

"आत्माज्ञानं भवं दुःखं, आत्मज्ञानेन हन्यते।
तपसाप्यात्म-विज्ञान-हीनैश्छेत्तुं न शक्यते॥

તેમજ વળી કહ્યું છે કે—

"दुक्खं णज्जइ अप्पा, अप्पा उण भावणं दुक्खं।
भाविय व सहावपुरिसो, विसाएसु विरच्चइ दुक्खं॥

હવે શાસ્ત્ર સંબંધથી, કર્તૃત્વ, ભોક્તૃત્વ તેમજ જ્ઞાતૃત્વ સ્વરૂપી ચૈતન્ય ગુણવાળા–આમ તત્ત્વના–અનેક સ્વરૂપમાંથી, આત્માર્થ સાધકતાની અપેક્ષાએ, અવશ્ય જાણવા જરૂરી એવા ત્રણ ભેદોનું (સ્યાદ્વાદ સિદ્ધાંતથી) કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

(૧) **બહિરાત્મા**: જે આત્માઓ શરીર–ધન–સ્ત્રી–પુત્રાદિક પર દ્રવ્યમાં આત્મીયતાની બુદ્ધિએ જીવન જીવે છે, તેઓમાં પરદ્રવ્યમાં આત્મત્વ બુદ્ધિ એ બહિરાત્મપણું હોઈ તેઓને પ્રગટ મિથ્યાદૃષ્ટિ જાણવા.

(૨) **અંતરાત્મા**: જે આત્માઓ પોતાના આત્માને કર્મ બંધનથી મુક્ત કરવા વડે પૂર્ણ અનંત–અક્ષય–શુદ્ધ પરમાત્મ દશા પ્રગટ કરવાના સમ્યક્ પરિણામ યુક્ત પ્રવૃત્તિવાળા છે, તેઓ પોતાના અંતરંગ શુદ્ધ સ્વરૂપને શાસ્ત્રાદેશથી યથાર્થ જાણવાવાળા હોઈ તેઓને અંતરાત્મા જાણવા.

(૩) **પરમાત્મા**: જે જે આત્માઓએ અંતરાત્મ-

ભાવની સાર્થકતાએ પોતાના આત્માની જ્ઞાનાદિ અનંત ચતુષ્ક ગુણવાળી અનંત શુદ્ધ સત્તાને અક્ષય (ક્ષાયિક) ભાવે સ્વાધીન કરી છે, તેઓને પરમાત્મા જાણવા. સકળ પરમાત્માઓ શુદ્ધ ક્ષાયિકભાવે, કેવળ પોતાના આત્મગુણમાં રમણતા પામવાવાળા હોય છે. આથી તેઓને કદાપિ કોઈ પણ અન્ય દ્રવ્યના પરિણામનું કર્તૃત્વ-ભોક્તૃત્વ હોતું નથી. પરમાત્માના શુદ્ધ પરિણમન સંબંધે કહ્યું છે કે—

"न जगज्जनन-स्थेम-विनाश विहितादर:।
न लास्य-हास्य-गीतादि-विप्लवोपप्लुतस्थिति: ॥

સકલ આત્માને જેઓ ઉપરના ત્રણ ભેદથી યથાર્થ અવિરુદ્ધભાવે જાણે છે, તેઓ સમ્યગ્જ્ઞાની હોઈ આત્માર્થ સાધકતાવડે પરમાત્મપદ પ્રાપ્ત કરવાના અધિકારી જાણવા. અન્યથા કેવળ બહિર્દૃષ્ટિ-પાખંડીઓના પાશમાં પડેલા મિથ્યાદૃષ્ટિ આત્માઓ, અનંત સંસારમાં, કર્માધીનપણે, જન્મ-મરણાદિના, અનેકવિધ દુઃખોના અધિકારી જાણવા,

પ્રથમ તો આત્મા અને પરમાત્માના સંબંધમાં કર્મ-પરિણામની જે વિશેષતા છે તેનું કિંચિત્ સ્વરૂપ નીચે મુજબ જાણવું અનિવાર્ય આવશ્યક છે.

ચાર ગતિરૂપ આ સંસારમાં એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયભાવે અનાદિથી જન્મ-મરણ કરતા સંસારી આત્માઓ, પોતપોતાના ઔદારિકાદિ શરીરના યોગ દ્વારા, કષાયની તરતમતા મુજબ, નિરંતર જે જે શુભ-અશુભ કર્મ (કાર્મણ વર્ગણાઓ) ગ્રહણ કરે

છે, તે તે પ્રત્યેક શુભ--અશુભ કર્મોને પ્રત્યેક આત્માએ અવશ્ય ઉદયાનુંસારે ભોગવવાનાં હોય છે, તે મુજબ સંસારમાં પ્રત્યેક આત્નાઓ, પોતે પૂર્વે બાંધેલા શુભાશુભ કર્મોને પોતાની ઈચ્છાએ કે અનિચ્છાએ પણ જન્મ--જીવન અને મરણ સ્વરૂપથી ભોગવી રહ્યા છે.

કર્મના બંધ--ઉદય--ઉદારણા અને સત્તાના સ્વરૂપમાં અયથાર્થ મતિવાળા મૂઢ--અજ્ઞાની જીવોને પણ ઓઘેતો કર્મની સત્તાનો સ્વીકાર કરવો પડે છે, તેથી તેઓ કહે જ છે કે, આ જગત ઈશ્વરાધીન છે એટલું જ નહિ પણ પરમાત્માને પણ જન્મ–મરણ કરવું પડે છે, આથી સ્પષ્ટ થાય છે કે, સર્વે સંસારી આત્માઓને ઈશ્વર એટલે પરમ શક્તિરૂપ કર્મસત્તાની આધીનતા સ્વીકારવી પડે છે.

## શુદ્ધિ પત્રક

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૭ | मुहउ | मुहय |
| ૫ | ૧૩ | સાપેક્ષ | નિર્પેક્ષ |
| ૧૨ | ૨૩ | ચતન્ય | ચૈતન્ય |
| ૧૫ | ૭ | विसाएसु | विसएसु |
| ૧૫ | ૯ | આમ | આત્મ |

પ્રશ્ન (૧૦૮) ઉત્તર :-- વર્તમાન કાળે–હિતાહિત પ્રબોધક અષ્ટપદી

(૧) રાગદ્વેષને કામક્રોધના, તાપને ત્યાગ મનાવીને
અંધારે આથડતાં અંધો, સત્ય--ક્ષમા--ઉત્થાપીને

(૨) આત્મતત્ત્વમાં ભ્રાંત ભિક્ષકો, ધર્મના ધ્વંધ મચાવે છે
અહિંસા કાજે--હિંસાકારી, આરંભો--અપનાવે છે.

(૩) જેવું કરે તેવું સૌ પામે, નિશ્ચે શાણા સમજે છે
પર–પરિણતી અપની કરી માની, મુરખ કલેશ ઉપાવે છે

(૪) ધર્મ–કર્મનોકર્તા આતમ, ભોક્તા પણ છે પોતે
કર્મનું ફળ તે કર્મજ જાણી, ધર્મી ધર્મ વિમાસે

(૫) સુખં ધર્માત્–દુઃખં પાપાત્, એ અવિચળ સત્ય અવધારીને
શાશ્વત્ સુખને સાધે બુધજન, કર્મના બંધન તોડીને

(૬) સર્વકાળે જગમાં દીસે, પુન્ય–પાપનું યુદ્ધ,
બન્ને સાચા માની માચે, ધર્મ–મર્મમાં મુગ્ધ,

(૭) ભક્તિવાદે, નગ્નતા નાદે, ભ્રાંત ભગતડા નાચે છે
વિષય–કષાયમાં મુગ્ધ–મિમાંસક, માયા–મમતા પોષે છે.

(૮) કર્તા–કર્મને–ક્રિયાશુદ્ધિના, ત્રિવિધ એકત્વ તાલે
સાધ્ય–સાધન શુદ્ધિએ સાધક, અજર–અમર પદ સાધે
રચયિતા–સિદ્ધાંત પાક્ષિકપંડિત, શાંતિલાલ કેશવલાલ.